ઈસ્લામમાં ન્યાય-તંત્રના સામાન્ય સિદ્ધાંતો

હુઝૂર અકરમ ﷺ અને આપના પછી ખલીફાઓનો કાળ ન્યાય-તંત્રના સામાન્ય સિદ્ધાંતો અને નિયમો માટે મહાનતા, ઉચ્ચતા અને ઉન્નતિનો સોનેરી કાળ હતો. તેના કેટલાક પરિદૃશ્યો આ પ્રમાણે છે :–

૧ – કાઝી (ન્યાયાધીશ) ઈસ્લામી શરીઅત અનુસાર નિર્ણય કરવા માટે પ્રતિબદ્ધ છે.

૨ – ચુકાદામાં અન્યાય અને અત્યાચારના દુષ્પરિણામથી વાકેફ કરવા : રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું :

« إِنَّ اللهَ مَعَ الْقَاضِي مَا لَمْ يَجُرْ فَإِذَا جَارَ تَخَلَّى عَنْهُ وَلَزِمَهُ الشَّيْطَانُ » [ترمذي، أحمد]

અર્થાત્, ‘‘અલ્લાહ તઆલા ન્યાયાધીશની સાથે હોય છે, જ્યાં સુધી તે અન્યાય ન કરે. જ્યારે તે અન્યાય કરે છે તો અલ્લાહ તઆલા તેનો સાથ છોડી દે છે અને શૈતાન તેનાથી ચોંટી જાય છે.’’

(તિરમિઝી, અહમદ)

અને, રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું :

«مَنْ طَلَبَ قَضَاءَ الْمُسْلِمِينَ حَتَّى يَنَالَهُ ثُمَّ غَلَبَ عَدْلُهُ جَوْرَهُ فَلَهُ الْجَنَّةُ وَمَنْ غَلَبَ جَوْرُهُ عَدْلَهُ فَلَهُ النَّارُ» [أبو داؤد]

અર્થાત્, ‘‘જે વ્યક્તિએ મુસલમાનોના ન્યાયાધીશના હોદ્દાની ઈચ્છા કરી, ત્યાં સુધી કે તેને મેળવી લીધો, પછી તેનો ન્યાય તેના અન્યાય પર પ્રભાવી થઈ જાય, તો તેના માટે જન્નત છે અને જો તેનો અન્યાય તેના ન્યાય પર પ્રભાવી થઈ જાય, તો તેના માટે જહન્નમ છે.’’ (અબૂ દાઊદ)

૩ – ન્યાયાધીશ પ્રત્યેક એ વસ્તુથી દૂર રહે, જે તેના નિર્ણય પર પ્રભાવી થઈ શકે છે. તેથી તેની માનસિક સ્થિતિ બરાબર હોવી જોઈએ. તે સખત ભૂખ અને તરસ, બેચેની અને ગુસ્સાની હાલતમાં ન હોવો જોઈએ, કેમ કે આવી બધી બાબતો તેના ચુકાદાને અસર કરી શકે છે. હુઝૂર અકરમ ﷺ એ ફરમાવ્યું :

«لَا يَحْكُمُ أَحَدٌ بَيْنَ اِثْنَيْنِ وَهُوَ غَضْبَانُ» [بخاري و مسلم]

અર્થાત્, ‘‘તમારામાંથી કોઈ વ્યક્તિ બે લોકોની વચ્ચે ગુસ્સાની સ્થિતિમાં નિર્ણય ન કરે.’’

(બુખારી, મુસ્લિમ)

૪ – ન્યાયાધીશને લાંચ-રુશ્વત આપવી અને ન્યાયાધીશ દ્વારા લાંચ-રુશ્વત સ્વીકારવું હરામ છે. જો ગુનેગાર ન્યાયાધીશને લાંચ-રુશ્વત આપે, તો ન્યાયાધીશ તેને યોગ્ય સજા આપે. તેથી જે ન્યાયાધીશો ઈસ્લામી

www.uzairtalahi.com

શરીઅતનું ચુસ્ત પાલન કરતા હતા તેઓ પક્ષકારો કે તેમાંથી કોઈની પણ મિજબાની નહોતા કરતા અને ન તો નિમંત્રણ અને ભેટ-સોગાદનો સ્વીકારતા કરતા હતા, જેથી આ બાબતોની અસર તેમના નિર્ણય પર ન પડે. હુઝૂર અકરમ ﷺ એ ફરમાવ્યું :

«مَنِ اسْتَعْمَلْنَاهُ عَلَى عَمَلٍ فَرَزَقْنَاهُ رِزْقًا فَمَا أَخَذَ بَعْدَ ذَلِكَ فَهُوَ غُلُولٌ» [ا بو داؤد]

અર્થાત્, અમે જેને પણ કોઈ કામ પર નિયુક્ત કર્યો, તો તેનું વળતર અને મહેનતાણું નક્કી કરેલ છે, ત્યારબાદ જો તે તેનાથી વધારે પ્રાપ્ત કરે તો તે ચોરી અને અપ્રમાણિકતા છે. (અબૂ દાઊદ)

અને, રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું :

«لَعَنَ اللهُ اَلرَّاشِيَ وَالْمُرْتَشِيَ [ا بو داؤد، ترمذي]

અર્થાત્, અલ્લાહ તઆલાએ લાંચ-રુશ્વત આપવાવાળા અને લાંચ-રુશ્વત લેવાવાળા બંને પર ફિટકાર કરી છે. (અબૂ દાઊદ, તિરમિઝી)

૫ – પક્ષકારોને પોતાના કેસમાં જૂઠી સાક્ષીથી ડરાવવા : હદીસમાં છે કે –

«سُئِلَ النّبِيُّ صلى الله عليه وسلم عَنِ الْكَبَائِرَ، قَالَ: الإِشْرَاكُ بِاللّهِ، وَعُقُوقُ الْوَالِدَيْنِ، وَقَتْلُ النَّفْسِ، وشَهَادَةُ الزُّورِ» [بخاري و مسلم

અર્થાત્, રસૂલુલ્લાહ ﷺ ને મોટા ગુનાઓ વિશે પૂછવામાં આવ્યું, તો આપ ﷺ એ ફરમાવ્યું : ''શિર્ક કરવું, માતા-પિતાની નાફરમાની કરવી, કોઈ વ્યક્તિની હત્યા કરવી અને જૂઠી સાક્ષી આપવી.''
(બુખારી, મુસ્લિમ)

૬ – કેસની સુનાવણી દરમ્યાન સાચી વાતની શોધ કરવી : હદીસમાં છે કે –

«جاء رَجُلاَنِ مِنَ الأَنْصَارِ يَخْتَصِمَانِ إلى رسول اللّهِ صلى الله عليه وسلم في مَوَارِيثَ بَيْنَهُمَا قد دُرِسَتْ ليس بَيْنَهُمَا بَيِّنَةٌ، فقال رسول اللّهِ صلى الله عليه وسلم: إنكم تَخْتَصِمُونَ إِلَيَّ وَإِنَّمَا أنا بَشَرٌ وَلَعَلَّ بَعْضَكُمْ أَلحن بِحُجَّتِهِ أو قال لِحُجَّتِهِ من بَعْضٍ فإني أقضي بَيْنَكُمْ على نَحْوِ ما أَسْمَعُ، فَمَنْ قَضَيْتُ له من حَقِّ أَخِيهِ شَيْئاً فَلاَ يَأْخُذْهُ، فَإِنَّمَا أَقْطَعُ له قِطْعَةً مِنَ النَّارِ يأتي بها إِسْطَاماً في عُنُقِهِ يوم الْقِيَامَةِ، فَبَكَى الرَّجُلاَنِ وقال كُلُّ وَاحِدٍ مِنْهُمَا: حقي لأخي، فقال رسول اللّهِ صلى الله عليه وسلم: أَمَّا إذا قُلْتُمَا فَاذْهَبَا فَاقْتَسِمَا ثُمَّ تَوَخَّيَا الْحَقَّ ثُمَّ اسْتَهِمَا ثُمَّ لِيَحْلِلْ كُلُّ وَاحِدٍ مِنْكُمَا صَاحِبَهُ»

અર્થાત્, બે અન્સારી વારસાના મામલામાં પોતાનો કેસ લઈને નબી કરીમ ﷺ ની સેવામાં હાજર થયા,

www.uzairfalahi.com

જેના માટે તેમના પાસે સાક્ષી પણ ન હતો. નબી કરીમ ﷺ એ ફરમાવ્યું : ''તમે લોકો મારા પાસે પોતાનો કેસ લઈને આવ્યા છો. બની શકે છે કે તમારામાંથી કોઈ વ્યક્તિ બીજાની તુલનામાં પોતાની દલીલ એવી આકર્ષક અને પ્રભાવી શૈલીમાં પ્રસ્તુત કરે કે હું તેની દલીલના પ્રકાશમાં તેના પક્ષમાં નિર્ણય કરી દઉં. તેથી યાદ રાખો કે હું જે વ્યક્તિની વાતને માનીને તેના ભાઈના કોઈ હક્કનો તેના માટે નિર્ણય કરું છું, તો સમજી લો કે હું તેના માટે આગનો ટુકડો કાપીને તેના માટે આપી રહ્યો છું, જેને તે કયામતના દિવસે લટકાવીને લાવશે.'' આ સાંભળીને એ બંને રડવા લાગ્યા અને પ્રત્યેક કહેવા લાગ્યો કે આ મારા ભાઈનો હક્ક છે. નબી કરીમ ﷺ એ ફરમાવ્યું કે જો આ વાત છે તો જઈને આની વહેંચણી કરી લો અને સાચી રીતે ચિઠ્ઠી પાડો અને દરેક બીજાથી તેને પોતાના માટે હલાલ (વૈધ) કરાવી લે.

(બુખારી, મુસ્લિમ, અહમદ)

આનો અર્થ એ છે કે લોકો પોતાનો મામલો ન્યાયાધીશની પાસે લાવશે, પછી તેઓ 'ઇજ્તિહાદ' (જાંચ-પડતાલ અને તપાસ દ્વારા સ્વમત-નિર્ધારણ)ના આધારે નિર્ણય કરશે. સંભવ છે કે તેઓ કોઈ મામલામાં સત્ય સુધી ન પહોંચી શકે અને એ વ્યક્તિના પક્ષમાં નિર્ણય કરી દે, જેનો તે અધિકારી નથી. તેથી આવી પરિસ્થિતિમાં ન્યાયાધીશનો નિર્ણય એ વ્યક્તિ માટે યોગ્ય દલીલ નથી કે તે એવી વસ્તુનો હક્કદાર બને, જેનો તે અધિકારી નથી.

૭ – સુલેહને અંતિમ નિર્ણય પર પ્રાધાન્યતા આપવી : આ ઈસ્લામની ન્યાય-વ્યવસ્થાની મહાનતાની દલીલ છે, કેમ કે ન્યાયાલયના નિર્ણયથી લોકોમાં દ્વેષ, નફરત અને વૈમનસ્ય પેદા થાય છે, જ્યારે કે સુલેહથી આ વસ્તુનો ભય રહેતો નથી. એટલા માટે ઈસ્લામે સુલેહને જાઈઝ (કાયદેસર માન્ય) ઠેરવેલ છે. તેથી જરૂરી છે કે લોકોની વચ્ચે શૈતાન દ્વારા ફેલાવવામાં આવેલ બગાડની સુધારણા સુલેહ દ્વારા કરવામાં આવે. રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું :

«الصُّلْحُ جَائِزٌ بَيْنَ الْمُسْلِمِينَ، إِلاَّ صُلْحًا حَرَّمَ حَلاَلاً، أَوْ أَحَلَّ حَرَامًا، وَالْمُسْلِمُونَ عَلَى شُرُوطِهِمْ، إِلاَّ شَرْطًا حَرَّمَ حَلاَلاً، أَوْ أَحَلَّ حَرَامًا» [السنن الأربعة

અર્થાત્, ''મુસલમાનો વચ્ચે સુલેહ જાઈઝ છે, સિવાય એવી સુલેહના જે હલાલને હરામ કરે અને હરામને હલાલ કરે, અને મુસલમાનો પોતાની શરતોનું પાલન કરનારા હોય છે, સિવાય એ શરતના, જે હલાલને હરામ કરે અને હરામને હલાલ કરે.'' (સુનન અરબા)

હઝરત ઉમર બિન ખત્તાબ رضي الله عنه એ ફરમાવ્યું : ''ઝઘડાઓને માંડી વાળો, ત્યાં સુધી કે લોકો પરસ્પર સુલેહ કરી લે, કેમ કે ન્યાયાલયનો નિર્ણય લોકોમાં દ્વેષ અને વૈમનસ્ય પેદા કરે છે.''

www.uzairfalahi.com

ઈસ્લામની મહાનતામાં એ વાત પણ સામેલ છે કે ઈસ્લામે ન્યાયાધીશને પરવાનગી આપી છે કે તે પક્ષકારોમાંથી કોઈ એકની પાસે બીજા માટે ભલામણ કરી શકે છે. હદીસમાં છે કે –

«عَنْ كَعْبٍ۔رضی اللہ عـــنہ۔أَنَّهُ تَقَاضَى ابْنَ أَبِي حَدْرَدٍ دَيْنًا كَانَ لَهُ عَلَيْهِ فِي الْمَسْجِدِ، فَارْتَفَعَتْ أَصْوَاتُهُمَا
حَتَّى سَمِعَهَا رَسُولُ اللَّهِ صـــلی اللہ علیہ وســـــلم وَهُوَ فِي بَيْتِهِ، فَخَرَجَ إِلَيْهِمَا، حَتَّى كَشَفَ سِجْفَ حُجْرَتِهِ
فَنَادَى "يَا كَعْبُ". قَالَ لَبَّيْكَ يَا رَسُولَ اللَّهِ. قَالَ "ضَعْ مِنْ دَيْنِكَ هَذَا". فَأَوْمَأَ إِلَيْهِ، أَيِ الشَّطْرَ. قَالَ
لَقَدْ فَعَلْتُ يَا رَسُولَ اللَّهِ. قَالَ"

અર્થાત્, હઝરત કઅબ બિન માલિક رضي الله عنه રિવાયત કરે છે કે તેમણે ઈબ્ને અબી હદરદ પાસે પોતાનું લેણું, જે તેમના પાસેથી લેવાનું હતું, રસૂલુલ્લાહ ﷺ ની મસ્જિદમાં માંગણી કરી. આમાં પરસ્પર વાતચીતમાં બંનેનો અવાજ ઊંચો થઈ ગયો, જેને સ્વયં હુઝૂર અકરમ ﷺ એ પણ સાંભળ્યો, જો કે તે વખતે આપ ﷺ પોતાના ઘરમાં હતા. રસૂલુલ્લાહ ﷺ તેમના નજીક આવ્યા, ત્યાં સુધી કે તેમણે પોતાના હુજરાનો પરદો પણ હટાવી દીધો અને હઝરત કઅબ બિન માલિક رضي الله عنه ને પોકારીને કહ્યું કે હે કઅબ ! તેમણે કહ્યું કે હા, હે અલ્લાહના રસૂલ ﷺ ! આપ ﷺ એ પોતાના હાથથી ઈશારો કર્યો કે પોતાનું અડધું લેણું માફ કરી દો. હઝરત કઅબ رضي الله عنه એ કહ્યું : હે અલ્લાહના રસૂલ ﷺ ! મેં માફ કરી દીધું. તો રસૂલુલ્લાહ ﷺ એ ઈબ્ને અબી હદરદને કહ્યું કે ઊઠો અને બાકીનું લેણું અદા કરી દો. (બુખારી, મુસ્લિમ)

www.uzaifalahi.com